## નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ ૬ થી ૮) તેમજ નોન ગ્રાન્ટેડ વધારાના/ક્રમિક વર્ગો મંજૂર કરવા બાબતે અરજી ફોર્મ ભરવા અંગેની સુચનાઓ

{1} ફોર્મના લાગુ પડતા કોલમ ભરવા આવશ્યક છે.

{2} સંપૂર્ણ ફોર્મ ભર્યા પછી Confirm બટન ક્લીક કરવું. Print Application માં જઇ ફોર્મની પ્રિન્ટ કાઢવી.

{3} વિભાગ –A માં તાલુકાના કોલમમાં અધિકૃત નગરપાલિકા પ્રાથમિક શિક્ષણ સમિતિના વિસ્તાર હેઠળની શાળાઓએ પોતાની નગરપાલિકા દર્શાવવી.(૭ મહાનગરપાલિકા+૧૩ નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ)

{4} વિભાગ G માં એક કર્મચારીની માહિતી ભરી ત્યાર પછી Add બટન ક્લીક કરી બીજા-ત્રીજા-ચોથા એમ તમામ શૈક્ષણિક કર્મચારીઓની માહિતી ભરવાની છે.

{5} વિભાગ A અને B પૂર્ણ થયા બાદ એક નંબર જનરેટ થશે. તે નોંધી રાખો અને આવશ્યકતા ઉભી થયે Add ઓપ્શન ઉપર ક્લીક કરી આ નંબરથી ફાઇનલ ફોર્મ સબમીટ કરાવો તે પહેલા સુધારાઓ કરી શકશો.

{6} ફોર્મ સંપૂર્ણ ભરાયા બાદ તેની પ્રિન્ટ કાઢી જરૂરી પ્રમાણપત્રો ભરી સહી સિક્કા સાથે તેમજ તેના આધારો સાથે અધિકૃત અધિકારી એટલે કે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં સમય મર્યાદામાં જમા કરાવવાના રહેશે.

{7} ફોર્મ Confirm& Submit કર્યા પછી Application Number જનરેટ થશે જે નોંધી રાખવો જરૂરી છે. ભવિષ્યમાં પત્રવ્યવહાર/સંચાર કરવા માટે આ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

{8} વધુ માહિતી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવો.

*****************************************************************

**Submit કરેલા ફોર્મની હાર્ડ કોપી જાહેરાતમાં જણાવેલ સમય મર્યાદામાં નીચેના પ્રમાણપત્રો/આધાર-પુરાવા સાથે જે તે અધિકૃત અધિકારી એટલે કે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.**

- ઓન લાઇન અરજીની પ્રિન્ટ કોપી
- ટ્રસ્ટ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/કંપની રજિસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
- ટ્રસ્ટીઓના નામ સરનામા સહિત ટ્રસ્ટ ડીડની પ્રમાણિત નકલ/કંપનીના કિસ્સામાં બોર્ડ ઓફ ડાયરેક્ટરની યાદી.
- નિયત કરેલ ફી નું ચલણ અસલમાં
- ટ્રસ્ટ/મંડળ/કંપનીની આર્થિક સધ્ધરતા અંગે બેન્ક સર્ટી
- ટ્રસ્ટ/મંડળ/કંપની ના ઓડિટ રિપોર્ટની નકલ
- શાળાના મકાનના સંચાલક મંડળના પોતાની માલિકીના આધાર.
- શાળાના મકાનનો ક્ષેત્રફળ સહિતનો નકશો અને નકશામાં વર્ગખંડોના ક્ષેત્રફળ દર્શાવેલા હોવા જોઈશે. તથા તે સરકારી અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવા જોઈશે.
- શાળના મકાનના વિવિધ સુવિધા ધરાવતા અદ્યતન ફોટોગ્રાફસ સામેલ રાખવા.

- શાળાના મેદાનનો ફોટોગ્રાફસ સામેલ રાખવો,શાળાથી રમતના મેદાનનું અંતર દર્શાવતો આધાર સામેલ રાખવો.
- પ્રત્યકે વર્ગખંડનું ભોયતળિયાનું ક્ષેત્રફળ ઓછામાં ઓછું ૩૦૦ ચો.ફુટથી ઓછું હોવું જોઈશે નહીં.
- મકાન વાળી જમીનનું એન.એ./એન.ઓ.સી સર્ટીફીકેટ
- “મકાન શૈક્ષણિક હેતુ માટે વપરાશ યોગ્ય છે” તે અંગે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (વાણિજિયક હેતુ માટે મંજૂરી મળેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાશે નહી.
- વર્ષ ૨૦૦૧ પહેલાં નિર્માણ પામેલ મકાન માટે મકાન ભૂકંપનો સામનો કરી શકે તેવું હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.
- શાળાના મકાનમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં આવેલ હોવા અંગેનું પ્રમાણપત્ર
- રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની અનુસૂચિમાં જણાવ્યા મુજબ ભૌતિક સુવિધાઓ પુરતી અને પર્યાપ્ત છે તે બાબતના આધારો (કુમાર, કન્યા માટે અલગ શૌચાલયોની સુવિધા, પાણીની વ્યવસ્થા વગેરે સહિત)
- ૩ કિલોમીટરની ત્રિજ્યામાં આવતી શાળાઓના “ના વાંધા પ્રમાણપત્ર”
- બાળકોના મફત અને ફરજિયાત અધિકાર નિયમો-૨૦૧૨ની અનુસૂચિ મુજબની બાહેધરીઓ.
- ફી રેગ્યુલેશન એકટ-૨૦૧૭ અને સ્કૂલસેફટી પોલીસી-૨૦૧૬ના અમલ માટેની બાહેધરી
- સંભવિત શૈક્ષણિક સ્ટાફના નામ, લાયકાતો સાથેનું પત્રક
- વર્ગ વધારા/ક્રમિકવર્ગ માટે સ્ટાફના પગારો બેન્ક મારફત ચુકવાતા હોવાના અધારો
- વર્ગ વધારા/ક્રમિકવર્ગ માટે સ્ટાફની શૈક્ષણિક લાયકાત સાથેનું પત્રક
- નવી શાળા માટે સ્ટાફના પગારો બેન્ક મારફત ચુકવવામાં આવશે તે અંગેની બાંહેધરી
- શાળામાં ધોરણવાર દાખલ થનાર સંભવિત બાળકોની યાદી/સંખ્યા
- ટ્રસ્ટ/મંડળ/કંપની અન્ય સંસ્થાઓ ચલાવતી હોય તો તેની વિગતો આધાર સાથે.
- રમત ગમતનું મેદાન : શહેરી વિસ્તાર માટે ૧૨૦૦ ચો.મીટર, ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦૦૦ ચો.મીટર જે એન.એ.થયેલુ હોવુ જોઇએ.રમતત-ગમતના મેદાન સંસ્થા/ શાળા મંડળની માલિકીનું હોવું જોઇએ અને તેના આધાર રજુ કરવા.
- મકાન એક કરતાં વધુ માળનું હોય તો એક થી વધુ સીડી ધરાવતા હોવાનો આધાર.
- જ્યારે સંબંધિત અધિકારીશ્રીને ફાઈલ રજુ કરવામાં આવે ત્યારે ઉપરોકત મુજબના આધાર ફાઈલ સાથે સામેલ રાખેલ હોય, તે આધાર સરળતાથી ફાઈલમાંથી મેળવી શકાય તે માટે અનુક્રમણિકા બનાવી, કયો આધાર કયાં પેજ પર સામેલ છે. તે ખાસ દર્શાવવું